"મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના" હેઠળ હાલ તુવેરદાળની અછત છે તે દરમ્યાન વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે ૧ કિલો તુવેરદાળની જગ્યાએ ૧ કિલો ચણાદાળ આપવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્ર: WCDD/IMR/e-file/23/2023/1150/B (ICDS)
સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ તા: ૧૫/૦૬/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: આઈસીડીએસ/આઈસીડીએસ/૧૦૨૦૨૨/૦૦૫૩/બ

(૨) અન્ન અને નાગરિક પુરવઠા નિગમ, ગાંધીનગરના તા: ૨૮/૦૮/૨૦૨૩ના પત્ર ક્રમાંક: નાપુની/૨૧૧/બઅક/ICDS(MMY)/તુવેરદાળ/૨૦૨૩-૨૪/૨૯૦૪

(૩) કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીનો તા: ૩૧/૦૮/૨૦૨૩ નો પત્ર ક્રમાંક : ICDS/0582/08/2023

**આમુખ:**

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી "મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના" અમલમાં મુકવામાં આવેલ છે. મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના" અંતર્ગત પ્રથમ વખતની સગર્ભા અને બાળક ૨ વર્ષનુ થાય ત્યા સુધી લાભાર્થીને રો-રાશનમાં દર મહિને ૨ કિલો ચણા, ૧ કિલો તુવેરદાળ અને ૧ લીટર ખાદ્યતેલ ત્રણેય વસ્તુઓ એક સાથે પોષણકીટ તરીકે આપવાનું ઠરાવેલ છે. લાભાર્થીઓને ઉક્ત પોષણકીટ આપવા અન્ન અને નાગરિક પુરવઠા નિગમને લાભાર્થીઓ પ્રમાણે ત્રણે આઈટમની ૬ માસની ડીમાન્ડ મોકલવામાં આવે છે અને અન્ન અને નાગરિક પુરવઠા નિગમ દ્વારા ખરીદી કરી વિતરણ કરવામાં આવે છે. ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨)થી તુવેરદાળ ખરીદી માટે અવાર નવાર ટેન્ડર પ્રક્રિયાની કાર્યવાહી કરવા છતાં તુવેરદાળના ભાવો પ્રવર્તમાન બજાર ભાવ કરતા વધારે આવેલા હોવાથી તુવેરદાળની ખરીદી થઈ શકેલ નથી. ભારત સરકાર દ્વારા બજારમાં FSSAI ના ધારાધારણો ધરાવતી ચણાદાળને ભારતદાળ તરીકે પ્રતિ કિલોગ્રામ રૂ. ૬૦/- બજારમાં મુકેલ હોવાથી હાલમાં "મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના"માં લાભાર્થીને ૧ કિલો તુવેરદાળને બદલે ૧ કિલો ચણાદાળ વિતરણ કરવા અંગે વિચારણા કરવા જણાવેલ છે. જે અન્વયે કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીએ ઉપર વંચાણે લીધેલ(૩) થી હાલ તુવેરદાળની અછત છે તે દરમ્યાન જ્યાં સુધી તુવેરદાળ ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે ૧ કિલો તુવેરદાળની જગ્યાએ ૧ કિલો ચણાદાળ આપવા દરખાસ્ત કરેલ છે. ઉક્ત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે "મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના" હેઠળ હાલ તુવેરદાળની અછત છે તે દરમ્યાન જ્યાં સુધી અન્ન અને નાગરિક પુરવઠા નિગમ દ્વારા તુવેરદાળ ઉપલબ્ધ કરાવવામાં ન આવે ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે ૧ કિલો તુવેરદાળની જગ્યાએ ૧ કિલો ચણાદાળ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા: ૨૬/૦૯/૨૦૨૩ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Signature Not Verified
Signed by: Satish Patel
Section Officer
Date: 2023.10.09
14:54:40 +05:30

(સતિષ પટેલ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૪. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. અગ્રસચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર

૮. નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

૯. મેનેજરશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા નિગમ, ગાંધીનગર.

૧૦. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

૧૧. નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગ

૧૨. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન....................

૧૩. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ......................

૧૪. સર્વે નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૫. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

૧૬. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૭. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી, જિ.........................

૧૮. શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by: Satish Patel
Section Officer
Date: 2023.10.09
14:54:40 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign